25 સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

શ્રી કૃષ્ણ જન્માષ્ટમી



# કહાં હે મુરલીવાલા રે...

**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**



પ્રતિ વર્ષ ભારતમાં જન્માષ્ટમીના દિવસે શ્રી કૃષ્ણનો જન્મોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ભકતજનો શ્રી કૃષ્ણનું શ્યામ, સુંદર, મનમોહન, ચિત્તચોર, મોરમુગટધારી, મુરલીધર વગેરે નામોથી ગાયનપૂજન કરે છે. શ્રી કૃષ્ણ સર્વગુણ સંપન્ન, સોળ કળા સંપૂર્ણ, સંપૂર્ણનિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ પણ હતા.

આવા શ્રી કૃષ્ણ વિશે પણ જનસમુદાયે અનેક ગેરસમજો સાથે કલંકો લગાવ્યાં. શ્રી કૃષ્ણને માખણચોર કહીને ગોપીઓ પણ વગોવે છે. શ્રી કૃષ્ણને સોળ હજાર રાણીઓ હતી. ગોપીઓના ચીરહરણ કર્યાં. આવી અનેક ગેરસમજો હોવા છતાં શ્રી કૃષ્ણ જીવનભર અત્યાચાર સામે લડ્યા. પ્રથમ તો મામા કંસનો સામનો કરી નગરજનોને બચાવ્યા. ગોકુળનું માખણ બીજાં નગરોમાં જતું અટકાવવા માખણચોર પણ બન્યા. શિશુપાલ અને જરાસંઘનો પણ વધ કર્યો. કાળીનાગને દમન કરીને જમુનાનું જળ પણ શુધ્ધ કર્યું. રાજાઓની કેદમાં કેદ થયેલી અનેક સ્ત્રીઓને મુકત કરી, તેમને સમાજમાં સન્માન યોગ્ય બનાવી અને અંતે મહાભારતના યુધ્ધમાં દુર્યોધનને પણ પરાસ્ત કરી સત્યનો વિજય કરાવ્યો.

> શ્રી કૃષ્ણ વિશે પણ જનસમુદાયે અનેક ગેરસમજો સાથે કલંકો લગાવ્યાં. શ્રી કૃષ્ણને માખણચોર કહીને ગોપીઓ પણ વગોવે છે. શ્રી કૃષ્ણને સોળ હજાર રાણીઓ હતી. ગોપીઓના ચીરહરણ કર્યાં. આવી અનેક ગેરસમજો હોવા છતાં શ્રી કૃષ્ણ જીવનભર અત્યાચાર સામે લડ્યા. પ્રથમ તો મામા કંસનો સામનો કરી નગરજનોને બચાવ્યા. ગોકુળનું માખણ બીજાં નગરોમાં જતું અટકાવવા માખણચોર પણ બન્યા

આવા શ્રી કૃષ્ણને ભકતજનો રણછોડ, ગોવર્ધન, ગિરધારી, ગોપાળ, ગોવિંદ, કેશવ, કનૈયા વગેરે નામોના મહિમા સાથે ભજતા આવ્યા. આ મુરલીધર કનૈયો ત્યારે આવે છે, જયારે સૃષ્ટિ પર ધર્મગ્લાનિનો સમય હોય છે.

ગીતામાં આપેલાં વચનોનુસાર જયારે જયારે ધરા પર ધર્મગ્લાનિનો સમય અર્થાત્ પાપાચાર, ભ્રષ્ટાચાર, દુ:ખ, અશાંતિ માઝા મૂકે છે ત્યારે પરમાત્મા પ્રભુ, ઈશ્વર, અલ્લાહ, ભગવાન નિરાકાર પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહ્માના સાકાર શરીરમાં પરકાયા દિવ્ય પ્રવેશ કરી દિવ્યરૂપ ધારણ કરે છે અને પાપાત્માઓનો નાશ કરે છે. મનુષ્યોને દુ:ખોમાંથી મુકત કરે છે. હળાહળ કળયુગમાં કંસ, જરાસંઘ, દુર્યોધન જેવા અત્યાચારીઓના અત્યાચારમાંથી પરમાત્મા શિવ ઈશ્વરીય જ્ઞાનની મધુર વાણી 'મુરલી' સંભળાવી રાજયોગના અભ્યાસ દ્વારા જનજનમાં શકિતનો સંચાર કરી, ગુણોના ભંડારી બનાવી, સુખ, શાંતિ, પવિત્રતાવાળી સતયુગી દુનિયામાં જયાં એક ધર્મ, એક ભાષા, એક રાજય છે, એવી સ્વર્ગની દુનિયામાં અર્થાત્ શ્રી કૃષ્ણ અને શ્રી રાધેની દુનિયામાં ખાસ ભારતવાસીઓને લઈ જવા માટે પુન: આ ધરા પર લઈ જવા માટે પરમાત્મા શિવ સ્વયં દિવ્યજન્મ ધારણ કરે છે.

આવી 'શ્રી કૃષ્ણની દુનિયા' આ હળાહળ કળયુગની અંતિમ ચરમસીમાના મહાવિનાશ બાદ ઘણા જ નજીકના સમયમાં આવી રહી છે. આપણે અત્યાર સુધી ગાયું કે 'બડી દેર ભઈ નંદલાલા' એ સમય હવે રાહ જોવાનો રહ્યો નથી. એ મોરલીવાળો કયાં છે? એની ઓળખ ખાસ ભારતવાસીઓને નજીકના ભવિષ્યમાં અવશ્ય થઈ જશે.

આવો આપણે શ્રી કૃષ્ણની, સ્વર્ગની પાવન દુનિયાનું સ્વાગત કરતા પહેલાં આપણા આત્માને પાવન બનાવી દઈએ. દિવ્ય ગુણોના શણગાર સજી સજ્જ થઈ જઈએ.

હાથમાં પવિત્રતાના કંગનો પહેરી લઈએ. ગળામાં વિકારો પર વિજય પ્રાપ્ત કરી, વિજયમાળા ધારણ કરીએ. આવો આપણે સૌ આવી સ્વાગતની તૈયારી કરીને સાચા અર્થમાં જન્માષ્ટમીનો મહોત્સવ ઉજવીએ.

# આત્મ-અન્વેષણ

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**

**સાધુ જ્ઞાનાનંદદાસ**

મનુષ્યનો સ્વભાવ ખૂબ જ વિચિત્ર છે. તે જીવનભર વિચાર્યા વિના આગળ દોડતો રહે છે અને વારંવાર ઠોકર પણ ખાતો રહે છે. સફળતાનો માર્ગ માત્ર દોડવાથી નથી મળતો, આગળ વધવા માટે થોડું થોભીને, પાછલા અનુભવનો વિચાર કરીને આગળના પથનું આયોજન કરવું પડે છે. હા, જીવનમાં સફળતા મેળવવા માટે થોડો સમય થોભવું, પોતાની ભૂલો, અનુભવો અને પરિસ્થિતિઓનું નિષ્પક્ષ વિશ્લેષણ કરવું જરૂરી છે.

દુનિયાનો સૌથી મોટો અંધકાર આંખોની સામે નથી પરંતુ મનુષ્યના અંતરમાં વસેલો હોય છે. જે દિવસે મનુષ્ય પોતાના અંત:કરણમાં ઝાંખી કરવાનું શીખી જાય છે, તે દિવસે તેના જીવનમાં નવા પ્રભાતનો ઉદય થાય છે. આ જ અંતર્દૃષ્ટિ છે. એટલે કે પોતાના અંતરમાં ઊતરવાની ક્ષમતા! ખરેખર, પાછળ વળીને જોવાની કળા જ આગળ વધવાનું વિજ્ઞાન છે.



દરેક વ્યક્તિ જીવનમાં આગળ વધવા ઈચ્છે છે પરંતુ યોગ્ય દિશામાં આગળ વધવા માટે પોતાના અનુભવોનું મૂલ્યાંકન કરવું અત્યંત આવશ્યક છે. વેપારી દર વર્ષે પોતાનો હિસાબ કરે છે. ખેડૂત પાક ઉતાર્યા પછી જુએ છે કે કયું બીજ વધુ ફળદાયી રહ્યું અને કયું નિષ્ફળ ગયું. વિદ્યાર્થી પરીક્ષા પછી પોતાની ભૂલોનું વિશ્લેષણ કરે છે. જો આ બધાં પોતાના ભૂતકાળનો હિસાબ ન કરે તો તેમનું ભવિષ્ય પણ અંધકારમય બની જાય. તો પછી મનુષ્યે પોતાના જીવનનો હિસાબ કેમ ન કરવો જોઈએ? દિવસના અંતે જો તે પોતાને માત્ર એટલું પૂછે કે, "આજે મેં શું મેળવ્યું અને શું ગુમાવ્યું? કોને પ્રસન્ન કર્યો અને કોનું હૃદય દુભાવ્યું?" તો તેની આવતીકાલ નિશ્ચિતપણે આજ કરતાં વધુ ઉત્તમ બનશે.

પ્રકૃતિ પણ આપણને આ જ પાઠ શીખવે છે. જંગલનો સિંહ માત્ર બળવાન હોવાથી રાજા કહેવાતો નથી. તે છલાંગ લગાવતાં પહેલાં થોડો સમય થોભે છે, ચારે તરફ નજર કરે છે, પરિસ્થિતિનું સૂક્ષ્મ અવલોકન કરે છે અને પછી જ આગળ વધે છે. તેનું આ થોભવું તેની નબળાઈ નહીં પરંતુ તેની સૌથી મોટી શક્તિ છે. જે વિચાર્યા વિના દોડે છે તે પડી જાય છે, જ્યારે જે જોઈ-વિચારીને આગળ વધે છે તે જ પોતાના લક્ષ્ય સુધી પહોંચે છે.

મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે આજના મનુષ્ય પાસે સમગ્ર દુનિયાને જોવાનો સમય છે પરંતુ પોતાને જોવાનો સમય નથી. તે બીજાના દોષો શોધવામાં અત્યંત કુશળ છે પરંતુ પોતાના દોષોની બાબતમાં અંધ બની જાય છે. બીજાની ભૂલોમાં તે કઠોર ન્યાયાધીશ બની જાય છે જ્યારે પોતાની ભૂલો માટે કુશળ વકીલ બની જાય છે. આ જ વૃત્તિ તેના વિકાસમાં સૌથી મોટો અવરોધ બને છે. જે વ્યક્તિ પોતાના દોષોને સ્વીકારી શકતો નથી, તે તેમને ક્યારેય દૂર પણ કરી શકતો નથી.

> આજના મનુષ્ય પાસે સમગ્ર દુનિયાને જોવાનો સમય છે પરંતુ પોતાને જોવાનો સમય નથી. તે બીજાના દોષો શોધવામાં અત્યંત કુશળ છે પરંતુ પોતાના દોષોની બાબતમાં અંધ બની જાય છે, બીજાની ભૂલોમાં તે કઠોર ન્યાયાધીશ બની જાય છે જ્યારે પોતાની ભૂલો માટે કુશળ વકીલ બની જાય છે

આધ્યાત્મિક માર્ગ તો અંતર્દૃષ્ટિ વિના એક પગલું પણ આગળ વધી શકતો નથી. સાધનાનું પ્રથમ સોપાન પોતાના ગુણો અને દોષોનું નિષ્પક્ષ અવલોકન છે. દરરોજ પોતાના અંતરમાં ઊતરીને જોવું કે આજે અહંકાર કેટલો વધ્યો, ક્રોધ ક્યાં પ્રગટ થયો, લોભે ક્યારે મનને ચંચળ બનાવ્યું અને પ્રેમ, કરુણા, નમ્રતા તથા સેવાના ગુણોમાં કેટલી વૃદ્ધિ થઈ?... આ જ સાચી સાધના છે. જે પોતાના દોષોને ઓળખી લે છે, તે તેમને દૂર કરવાનો માર્ગ પણ શોધી લે છે. જે રોગનું યોગ્ય નિદાન થઈ જાય, તેની સારવાર મુશ્કેલ રહેતી નથી.

ભગવાન સ્વામીનારાયણે પણ અંતર્દૃષ્ટિ પર વિશેષ ભાર મૂક્યો છે. સંતોએ આત્મનિરીક્ષણને જીવનનું દર્પણ કહ્યું છે. દર્પણ ચહેરા પરની ધૂળ બતાવે છે પરંતુ તેને દૂર કરતું નથી; ધૂળ દૂર કરવાની જવાબદારી તો મનુષ્યે પોતે જ નિભાવવાની હોય છે. તેવી જ રીતે અંતર્દૃષ્ટિ આપણને આપણા દોષોનો પરિચય કરાવે છે પરંતુ તેમને દૂર કરવાનો પુરુષાર્થ તો આપણે જ કરવો પડે. માત્ર પસ્તાવો પૂરતો નથી; પરિવર્તન આવશ્યક છે. આત્મચિંતન જો આચરણમાં ન ઊતરે તો તે માત્ર વિચાર-વિલાસ બનીને રહી જાય છે.

આજે મનુષ્ય ચંદ્ર સુધી પહોંચી ગયો છે પરંતુ પોતાના અંત:કરણ સુધી પહોંચવાનો માર્ગ ભૂલી ગયો છે. તેથી જીવનની દરેક સંધ્યા આપણને એક મૌન સંદેશ આપે છે; થોડો સમય થોભો, પોતાને વાંચો અને આવતીકાલનું નવું જીવન ઘડો. જે વ્યક્તિ દરરોજ પોતાના જીવનનો નિષ્પક્ષ હિસાબ કરે છે, તે જ પોતાના ભવિષ્યનો સાચો સર્જક બને છે.

અંતર્દૃષ્ટિ માત્ર પાછળ જોવાની પ્રક્રિયા નથી; તે તો ભવિષ્યના માર્ગને પ્રકાશિત કરતો દીપક છે. જે પોતાના અંતરના અંધકારને ઓળખી લે છે, તેના જીવનમાં પ્રકાશનો સૂર્યોદય નિશ્ચિત બને છે.